# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ કાર્તિક પૂર્ણિમા ❖ 6 નવેમ્બર 2014 ❖ વર્ષ – 14 ❖ અંક – 8 ❖ સળંગ અંક - 176


## ધમ્મવાણી

पोराणमेतं अतुल, नेतं अज्जतनामिव । निन्दन्ति तुण्हिमासीनं,
निन्दन्तिबहुभाणिनं । मितभाणिम्पि निन्दन्ति, नत्थि लोके अनिन्दितो ।।
न चाहु न च भविस्सति, न चेतरहि विज्जति ।
एकन्तं निन्दितो पोसो, एकन्तं वा पसंसितो ।।

હે અતુલ ! આ પુરાણી (અગાઉથી ચાલી આવતી) વાત છે, આજની નહી – (લોકો) ચૂપ બેઠેલાની નિંદા કરે છે, બહુ બોલવાવાળાની નિંદા કરે છે, મિતભાષીની પણ નિંદા કરે છે.
એવો પુરૂષ જેની નિંદા જ નિંદા થતી હોય, અથવા પ્રશંસા જ પ્રશંસા, ન તો (ક્યારેય) હતો, ન થશે, ન આ સમયે છે.

## સંતોની વાણીમાં વિપશ્યનાની ઝલક

આ વિદ્યા ભારતની પોતાની છે. બહુ પુરાતન વિદ્યા છે. પરંતુ દુર્ભાગ્યથી 'વિપશ્યના'ની આ વિદ્યા આપણા દેશમાંથી લુપ્ત થઈ ગઈ. છતાં પણ જ્યારે સંતોની વાણી વાંચીએ છીએ તો લાગે છે ભારતમાં અનેક સંતો એવા થઈ ગયા, જે પોતાની અંદર વિપશ્યના કરતા રહ્યા. તેઓની વાણી વાંચીએ તો તેમાં વિપશ્યના જ ભરેલી પડી છે. જો કે 'વિપશ્યના' શબ્દ તેઓ પણ ભૂલી ગયા અને આ શબ્દનો પ્રયોગ ક્યાંય કર્યો નહીં.

એ પણ સાચું છે કે તેઓ આ વિદ્યાને શીખવી શક્યા નહીં. જ્યારે વિદ્યા જ નષ્ટ થઈ ગઈ તો વિધિવત રીતથી, વૈજ્ઞાનિક પદ્ધતિથી એને કેવી રીતે શીખી કે શિખવાડી શકાય ? તેઓના પોતાના પૂર્વજન્મના અભ્યાસના ફળ સ્વરૂપ તેઓમાં આપમેળે જાગી ગઈ અને તેઓએ સ્વયં તો આ જ કામ કર્યું હશે, પરંતુ, લોકોને શીખવી શક્યા નહીં. આ તેઓની વાણીથી સ્પષ્ટ માલૂમ પડે છે. ભારતના એક સંત કહે છે કે ભાઈ આ જે કુદરતનો કાનૂન છે, આ જે ધર્મ છે, આ જે સત્ય છે, આ જે નિયમછે, આ જે ઋત છે, આ જેવો બહાર છે, બસ તેવો જ અંદર છે. બહાર અને અંદરની સચ્ચાઈમાં કોઈ તફાવત નથી. કુદરતનો કાનૂન જેવો મારા પડોશી પર અસર કરે છે, તેવો જ મારા પર અસર કરે છે. કુદરતનો કાનૂન જે પ્રમાણે બધા પર શાસન કરે છે, તેવી જ રીતે મારા પર શાસન કરે છે. કોઈનો પક્ષપાત નથી કરતો. બધી સચ્ચાઈ એક જ છે, નિયમ એક જ છે, ધર્મ એક જ છે, સર્વજનીન છે. સંત કહે છે -

**बाहर भीतर एको सच है वह गुरुज्ञान बताई रे**
**जन नानक बिन आप चिन्हे, कटे न भ्रम की काई रे ।।**

જે બહાર છે તે અંદર છે. દરેક સદ્‌ગુરુ આ વાત કહે છે. ગુરુએ આ વાત બતાવી કે કુદરતનો જે કાનૂન અંદર કામકરી રહ્યો છે, તે જ બહાર કામ કરી રહ્યો છે. સચ્ચાઈ એક જ છે. પરંતુ આપણે તે સચ્ચાઈને કેવળ માનીને રહી ગયા. ગુરુ મહારાજે કહ્યું, માટે માની રહ્યા છીએ. ભગવાન બુદ્ધે કહ્યું, એટલે માની રહ્યા છીએ. ભગવાન મહાવીરે કહ્યું, એટલે માની રહ્યા છીએ. અમારી ગીતા કહે છે કે બાઈબલ કહે છે કે કુરાન કહે છે, એટલા માટે માની રહ્યા છીએ. કેવળ માનીને જ રહી ગયા. આ આપણું પોતાનું જ્ઞાન નથી, પરાયું જ્ઞાન છે.

પરાયું જ્ઞાન, સાંભળેલું જ્ઞાન આપણને પ્રેરણા આપી શકે છે, માર્ગદર્શન આપી શકે છે. પરંતુ, આપણને વિકારોથી મુક્ત નથી કરી શકતું. તે પરાયું જ્ઞાન છે. જ્યારે, આપણે તેને પોતાની અનુભૂતિ પર ઉતારીશું ત્યારે તે આપણું પોતાનું જ્ઞાન થશે. કોઈએ પોતાની અનુભુતિઓ દ્વારા જાણેલું જ્ઞાન આપણને કહ્યું અને તેને સાંભળીને જ્યારે આપણે આપણી અનુભૂતિ પર ઉતારવા લાગ્યા, ત્યારે તે આપણું જ્ઞાન થઈ ગયું. ત્યારે કલ્યાણ થઈ ગયું.

કોઈની સાખી (સાક્ષી) શબ્દ બની ગઈ. સંતોની સાખી **'सबद'** બની જાય છે. શું છે સાખી ? તેણે સત્યનો સાક્ષાત્કાર કર્યો. તેની જે સાક્ષી છે, તે તેણે શબ્દોમાં ઉતારી, તે જ સાખી સબદ બની ગઈ. આ સાખી આપણે માટે કલ્યાણકારિણી પણ થઈ શકે છે. અને જો આપણે કેવળ બુદ્ધિવિલાસ કરીને રહી ગયા, તો હાનિકારક પણ થઈ શકે છે. કેવળ વાણી-વિલાસ કરીને રહી જઈએ કે અમારા સંતે આમકહ્યું, અમારા ગુરુ મહારાજે આમકહ્યું, અમારા બુદ્ધે આમકહ્યું, અમારી ગીતાએ આમ કહ્યુ - તેઓએ કહ્યું અને આપણે માની લીધું કે બહુ સારું કહ્યું, તો હાનિ થઈ ગઈ. આખું જીવન ગુમાવી દીધું, એના નશામાં. પરંતુ તે જ **'सबद'** જે કોઈની સાખી હતી, જ્યારે આપણે

માટે પણ સાખી બની જાય, આપણે પણ તેનો સાક્ષાત્કાર કરી લીધો તો આપણું કલ્યાણ થઈ ગયું, મંગલ થઈ ગયું. આને જ સંતોએ કહ્યું કે તેને જાણો, કેવળ માનીને ના રહી જાઓ.

આને જ દરેક મહાપુરુષ કહે છે કે હું જે કાંઈ કરી રહ્યો છું, તેને કેવળ માનીને રહી જશો તો તમને કંઈ મળશે નહીં. તેને જાણી લેશો, પોતાની અનુભૂતિ પર ઉતારી લેશો તો બધું જ મળી જશે. એટલે જ નાનક કહે છે કે આ સચ્ચાઈને, જે બહાર અને અંદર એક જ છે તેને **'जन नानक'** નાનકે જાણી લીધી છે. કોરી વાત નથી કરી, કેવળ કોઈ ગુરુની કહેલી વાતને જ નથી દોહરાવતા. કેવળ શાસ્ત્રોની વાતને જ નથી દોહરાવતા. તેમણે જાણી લીધું છે. અને જાણીને કહે છે કે **'बीन आपा चिन्हे'** - જ્યાં સુધી પોતાની જાતને અંદરથી ઓળખશો નહીં, પોતાના વિશે શું સચ્ચાઈ છે, તેને સ્વયં અનુભૂતિઓથી જાણશો નહીં, તો **'कटे ना भ्रम की काई रे,'** ત્યાં સુધી આ જે ભ્રમછે, આ જે ભ્રાંતિ છે, તેમાં આખું જીવન વીતી જશે. આ આવરણ (ભ્રમ) દૂર થશે નહીં. આ અંધકાર દૂર નહીં થાય. ભ્રાંતિમાં જ પડ્યા રહેશો.

કોને 'હું' કહું છું ? આ આખું શરીર-સ્કંધ 'હું-હું ' 'મારું-મારું' શું ખરેખર 'હું' છું ? શું આ ખરેખર 'મારું' છે ? શું આ ખરેખર મારો આત્મા છે ? કોઈએ કહ્યું - ''નહીં આ, તું નથી. આ તારું નથી, આ તારો આત્મા નથી'' આવું કોઈએ કહ્યું અને મેં માની લીધું. મેં જાણ્યું તો નથીને ? આ સચ્ચાઈને જાણીશું, અનુભવના સ્તર પર જાણીશું, કે શું છે આ સમગ્ર શરીર સ્કંધ જેને 'હું..હું' , 'મારું-મારું' કર્યા કરું છું. એના પ્રત્યે કેટલું સઘન તાદાત્મ્ય સ્થાપિત કરી લીધું, કેટલો ચિપકાવ પેદા કરી લીધો. તેના પ્રત્યે કેટલી બધી આસક્તિ પેદા કરી લીધી અને આસક્તિને કારણે કેટલો તણાવ પેદા કરી લીધો, કેટલી અશાંતિ પેદા કરી લીધી, કેટલી પીડા પેદા કરી લીધી. આખરે આ 'હું' છે શું ? શું પ્રપંચ છે આ શરીરનો ? આ પ્રમાણે આ ચિત્તનો પ્રપંચ જેને 'હું-હું', 'મારું-મારું' કર્યા કરું છું આખરે આ શું છે ? કોઈની કહેલી વાત માની લેવા માત્રથી વાત સમજમાં નહીં આવે, ક્યારેય નહીં આવે, પુસ્તકો વાંચી લેવાથી પણ વાત સમજમાં નહીં આવે. આથી સંત કહે છે, આંખોથી સ્વયં જુઓ, સ્વયં જાણો તો ભ્રમ દૂર થશે.

બીજા એક સંત કહે છે-

**'तू कहता कागद की लेखी, मैं केहता आँखो की देखी**
**मैं कहता सूलझावन वाली, क्यों तू रहा उलझाय रे ।।'**

અનુભવ કરે છે તો ભ્રાંતિઓ દૂર થાય છે. ગૂંચ ઊકલવા લાગે છે. કેવળ પુસ્તકો વાંચીને રહી જાય છે, કેવળ પ્રવચન સાંભળીને રહી જાય છે તો ગૂંચવાયેલો જ રહી જાય છે. આ જ વાત સમજમાં આવતી નથી. આ શરીર અને ચિત્તના પારની અનુભૂતિ, આ તમામ ઇન્દ્રિયોની પેલે પારની ઇન્દ્રિયાતીત અનુભૂતિ, ભવાતીત અનુભૂતિ, લોકાતીત અનુભૂતિ, જે નિત્ય છે, શાશ્વત છે, ધ્રુવ છે, એકરસ છે, અમૃત છે, તેનું તો કહેવું જ શું - આ જે ઇન્દ્રિયોના ક્ષેત્રની પણ સૂક્ષ્મ અવસ્થાઓની અનુભૂતિઓ છે, એમને પણ શબ્દોમાં કોઈ કેવી રીતે ઉતારશે ? શબ્દોમાં એટલી શક્તિ ક્યાં કે મનુષ્યની બધી અનુભૂતિઓને પ્રગટ કરી શકે ? ભાષાની પોતાની સીમા હોય છે. શબ્દોની પોતાની સીમા હોય છે. છતાં પણ લોકોને સમજાવવા માટે ક્યાં કશું કહેવું પડે છે, તો કહે છે, પરંતુ લોકો સમજી નથી શકતા, તો ગૂંચવાઈ જાય છે.

વર્ષો વીતી જાય છે, સદીઓ વીતી જાય છે ત્યારે શબ્દોના અર્થ બદલાઈ જાય છે. અઢી હજાર વર્ષ પહેલાં કોઈ મહાપુરુષે કોઈ એક શબ્દનો પ્રયોગ કર્યો, અઢી હજાર વર્ષમાં ભાષા બદલાઈ ગઈ, શબ્દો બદલાઈ ગયા, શબ્દોના અર્થ બદલાઈ ગયા. આપણી આજની ભાષા અનુસાર તેનો અર્થ કરવા લાગીશું તો ગૂંચવાઈ જઈશું. ભ્રાંતિ જ પેદા થશે. માની લઈએ કે શબ્દ નથી બદલાયો, તેનો અર્થ પણ બદલાયો નથી, તો પણ તે મહાપુરુષે પોતાના માનસના જે સ્તર પર કોઈ એક વાત કહી, તેમને જે પ્રકારનો અનુભવ થયો અને જે અનુભૂતિ માટે તેમણે જે શબ્દનો પ્રયોગ કર્યો, આપણે તે સ્તર પર પહોંચ્યા જ નથી. આપણે તો કોઈ ભિન્ન સ્તર પર ઊભા છીએ. તો ભલા તેમની વાણીને કેવી રીતે સમજીશું ? ભ્રાંતિ પેદા થશે.

તે જ અનુભવ જ્યારે પોતાને થવા લાગશે, ત્યારે વાત સમજમાં આવશે. પોતાના વિશેની સચ્ચાઈ કેવળ પોતાની અનુભૂતિઓથી જાણી શકાય છે. બીજા વિશે શું સચ્ચાઈ છે, એને આપણે બૌદ્ધિક સ્તર પર જાણી શકીએ છીએ. પરંતુ બૌદ્ધિક સ્તર પર જાણેલી વાત સીમિત સચ્ચાઈ વાળી જ હોય છે, જ્યારે અનુભૂતિઓના સ્તર પર જે સચ્ચાઈ જાણી લીધી, તે સાચી હોય છે. આથી સંત કહે છે. **कानो सुनी सो झूठ सब, आँखो देखी सच** વાત તે જ છે. કાનથી સાંભળી છે તો આપણે માટે જૂઠી છે, એકદમ જૂઠી છે કારણ કે આપણે આંખથી નથી જોઈ, આપણે સ્વયં અનુભવ નથી કર્યો. આ શબ્દ-પ્રયોગ કરી રહ્યો છે તે વ્યક્તિ, પોતાનો કોઈ અનુભવ કહી રહ્યો છે. જો તે અનુભવ આપણે નથી કર્યો, તો આપણે માટે તે એક જૂઠ જ હશે. આપણે તો તેની કલ્પના જ કરીશું - આપણી અંદર એવું એક નિત્ય, શાશ્વત, ધ્રુવ સત્ય છે, બાકી બધું પ્રપંચ જ પ્રપંચ છે. આપણે તેને કેવી રીતે જાણ્યું ? જ્યાં સુધી આપણે સમગ્ર અનિત્ય

ક્ષેત્રનું સ્વયં દર્શન નથી કર્યું, ત્યાં સુધી તેના પ્રપંચને કેવી રીતે જાણીશું અને તેને જાણ્યા વિના તેની પારના (તે) નિત્યના ક્ષેત્રને કેવી રીતે સમજીશું. કલ્પના જ માત્ર કરીશું ને ? અને કલ્પના કરીશું તો ભ્રમમાં પડી જઈશું. આથી જે વ્યક્તિને સચ્ચાઈનાં દર્શન કરવાં છે તેણે સ્વયં પોતાની અંદર સચ્ચાઈનો સ્વયં અનુભવ કરવો પડશે.

## આત્મ દર્શન

આજે તો આત્મ-દર્શનનો અર્થ કાંઈક બીજો જ સમજવા લાગ્યા છીએ. કોઈ એક પરંપરામાં 'આત્મા'ના અસ્તિત્વની માન્યતા છે. કોઈ વ્યક્તિ આત્મ-દર્શનના નામે આંખો બંધ કરીને તેનું દર્શન કરે તો કલ્પના જ કરે છે. કોઈ પરંપરાની માન્યતામાં 'જેટલું મોટું શરીર એટલો મોટો આત્મા' એવી માન્યતાવાળો વ્યક્તિ આત્મ-દર્શનના નામે તે કલ્પનાનાં દર્શન કરશે. વારંવાર કલ્પના કરતાં કરતાં, ધ્યાન કરતાં કરતાં તેની આંખોની સામે તેના શરીરની આકૃતિ આવી જશે અને કહેશે મને આત્માનાં દર્શન થઈ ગયાં. ધોખો થઈ જશે, બહુ જ મોટો ધોખો થઈ જશે.

કોઈ પરંપરામાં એવા આત્માના અસ્તિત્વની માન્યતા છે જે 'અંગુષ્ઠ-પ્રમાણ' છે- અંગૂઠા જેટલો મોટો છે. હવે આ વ્યક્તિ આત્મદર્શનના નામે કોઈ એવા આત્માનાં દર્શન કરશે જે 'અંગૂઠા' જેટલો હોય. કોઈ પરંપરાની માન્યતામાં આત્મા એક 'તલ' સમાન છે. તે વ્યક્તિ ધ્યાન કરશે કે આત્મા તલના જેવો છે. કોઈની માન્યતામાં આત્મા એક 'વાળ' જેવો છે તો એ વાળ જેવા આત્માનું ધ્યાન કરશે, કલ્પના જ કલ્પના કરશે, સચ્ચાઈ ક્યાં ? કોઈની માન્યતા આત્મા છે જ નહીં, તો તે પણ કલ્પના કરશે કે આત્મા છે જ નહીં. બસ, કલ્પના જ કલ્પના. સચ્ચાઈ ક્યાં ?

આત્મ-દર્શન કરવાં છે એટલે કે જેને 'હું-હું' કરી રહ્યો છું , તેની સચ્ચાઈનું અનુભૂતિથી દર્શન કરવું છે. 'આત્મ' શબ્દનો અર્થ તે દિવસોમાં 'સ્વ' થતો હતો. એટલે કે સ્વયં પોતાના વિશેની સચ્ચાઈને જાણો. સ્વયં પોતાની જાતને જુઓ. હવે શબ્દોના અર્થ બદલતાં-બદલતા આપણે તે અર્થને ક્યાંનાં ક્યાં પહોંચાડી દીધો ? આત્માથી આત્માને જુઓ. શું જોશે? કલ્પના કરશે - એક આત્મા જોવાવાળો અને એક આત્મા તે કે જે જોવાઈ રહ્યો છે. કલ્પના જ કલ્પના થશે. વાત સમજમાં જ આવી નથી. વાત હતી કે પોતાના વિશે શું સચ્ચાઈ છે તેને સ્વયં જોવાની છે. તેને પોતાની અનુભૂતિ પર ઉતારવાની છે. બસ સચ્ચાઈ આપોઆપ સમજમાં આવવા લાગશે અને આ રીતે આગળ વધતાં જઈશું.

**आपे जाणे आपे आप, रोग ना व्यापे तीनों ताप ।।**

જે પોતે પોતાને જાણવા લાગ્યો, તેનાં બધાં જ દુઃખો દૂર થઈ ગયાં. બધા તાપ દૂર થઈ ગયા. કોઈ કાલ્પનિક આત્માના દર્શનથી તાપ દૂર થતા નથી, દુઃખ દૂર થતાં નથી - અંદર પોતાની જાતને જાણવા લાગ્યો તો બધો જ પ્રપંચ જાણવા લાગ્યો. કોને 'હું' કહી રહ્યો છું ! હું કોને 'મારો' કહી રહ્યો છું ! આ શરીર-પ્રપંચ કેવી રીતે કામકરે છે ! ચિત્ત-પ્રપંચ કેવી રીતે કામ કરે છે ! બન્ને એકબીજાથી કેવી રીતે પ્રભાવિત થાય છે ! કેવી રીતે પ્રતિક્રિયા કરે છે ! કેવી રીતે આ પ્રતિક્રિયાનો એક પ્રવાહ ચાલતો રહે છે ! અને કેવી રીતે આપણે વિકાર જગાવતા રહીએ છીએ અને તેના પરિણામે વ્યાકુળ થતા રહીએ છીએ ! વિકાર જગાવવાનું બંધ કરી દઈએ, આ પ્રતિક્રિયાના પ્રપંચને બંધ કરી દઈએ તો જોઈશું આપણે સ્વયં દુઃખોમાંથી બહાર આવવા લાગ્યા કારણ કે વિકારોમાંથી બહાર આવવા લાગ્યા.

**– ''નિર્મલ ધારા ધર્મ કી'' પુસ્તીકા માંથી સાભાર**

## એક દિવસીય શિબિર - ધમ્મપાલી કેન્દ્ર - પાલીતાણા

**નવા તૈયાર થઇ રહેલા વિપશ્યના કેન્દ્ર ધમ્મપાલી – પાલીતાણા ખાતે જુના સાધકો માટે એક દિવસીય શિબિરનું આયોજન કરેલ છે.**

**તારીખ :** ૧૪–૧૨–૨૦૧૪, રવિવાર
**સમય :** સવારે ૦૯.૦૦ થી ૦૪.૦૦

**-:: સંપર્ક ::-**

| | | |
|---|---|---|
| ધમ્મપાલી | :– | ૭૮૭૮૧૦૩૬૩૬ |
| મોહનભાઇ મકવાણા | :– | ૯૮૨૪૮ ૮૨૩૩૧ |

## જામનગરમાં વિપશ્યના પરિચય કાર્યક્રમ આયોજન

**જામનગરના જિજ્ઞાસુ ભાઈ–બહેનો માટે વિપશ્યના પરિચય કાર્યક્રમનું આયોજન તેમ જ ''વિપશ્યના ધ્યાન શું છે ?'' વિષય પર પ્રવચનનું આયોજન કરેલ છે.**

**તારીખ :** ૩૦–૧૧–૨૦૧૪, રવિવાર
**સમય :** સવારે ૦૯.૪૫ થી ૧૦.૦૦ – રજીસ્ટ્રેશન
સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ – આનાપાન ધ્યાન પ્રશિક્ષણ
સવારે ૧૦.૩૦ થી ૧૨.૧૫ – પ્રવચન ત્યાર બાદ ડોક્ટર મિત્રો તેમજ અન્યના અનુભવો અને પ્રશ્નોત્તરી
**સ્થળ :** ટાઉન હોલ, જામનગર.

**-:: સંપર્ક ::-**

| | | |
|---|---|---|
| રમેશ દવે | :– | ૯૪૦૮૯ ૬૩૯૩૫ |
| ભગવાનદાસભાઇ | :– | ૯૮૯૮૬ ૭૧૨૫૧ |
| અસગરઅલી એડનવાલા | :– | ૮૩૪૭૮ ૨૧૨૧૭ |
| વિદ્યાબેન ભરાડ | :– | ૯૪૨૮૮ ૬૦૩૫૫ |

**સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ‘‘ધમ્મકોટ’’**
C/o. ભાભા હોટલ,
પંચનાથ રોડ, રાજકોટ-૧.
(0281) 2233666
78787 27240
(0281) 2924942
93279 23540
રજિસ્ટ્રેશન
૧૦:૦૦ થી ૦૧:૦૦
અને ૦૪:૦૦ થી ૭:૦૦
dhammakot@gmail.com

**કચ્છ વિપશ્યના કેન્દ્ર ‘‘ધમ્મસિંધુ’’ બાડા.**
C/o. શ્રી ઈશ્વરલાલ
ચુ. શાહ,
પ્રો. કે. ટી. શાહ રોડ,
માંડવી.
કચ્છ-૩૭૦ ૪૬૫
(02834) 273303, 273612,

**ગુર્જર વિપશ્યના કેન્દ્ર ‘‘ધમ્મપીઠ’’ અમદાવાદ**
રનોડા
તા. ધોળકા,
જિ. અમદાવાદ
- ૩૮૦ ૮૧૦
(02714) 294690,
(M) 94264 19397

**ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-‘‘ધમ્મ દિવાકર’’ મીઠા મહેસાણા.**
C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,
૭-અપના બજાર,
વિમલ સુપર માર્કેટ,
બી.કે. રોડ, મહેસાણા.
(ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨.
(02762) 272800, 254634, 252345
(M) 94292 33000

**‘‘ધમ્મ અંબિકા’’**
૯૪૨૮૧ ૬૦૭૧૪
૯૮૨૫૦ ૪૪૫૩૬
૦૨૬૩૪-૨૯૧૧૦૦
૦૨૬૩૪-૨૯૨૫૨૧
:: સરનામું ::
નવસારી અને બિલિમોરા
રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી.,
નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ
ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર
ગામ : વગલવાડ, તા.: ગણદેવી

**: ધર્મજ :**
(૦૨૬૯૭)
૨૪૫૪૬૦,
૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધર્મજ |
|---|---|---|---|---|---|
| ~~03-12 to 14-12-14~~ શિબિર રદ કરેલ છે. | 07-12 to 18-12-14 | 03-12-14 to 14-12-14 | 03-12-14 to 14-12-14 | 09-12 to 20-12-14 | 17-12-14 to 28-12-14 |
| 17-12 to 28-12-14 | 21-12 to 01-01-15 | 17-12-14 to 28-12-14 | 31-12-14 to11-01-15 | 21-12 to 01-01-15 | 02-01-15 to 13-01-15 |
| 31-12 to 11-01-15 | 04-12 to 21-12-15 | 31-12-14 to11-01-15 | 14-01-15 to 25-01-15 | 03-01 to 14-01-15 | |
| 15-01 to 26-01-15 | 22-02 to 05-03-15 | 14-01-15 to 25-01-15 | 28-01-15 to 08-02-15 | 16-01 to 27-01-15 | |
| 11-02 to 22-02-15 | 08-03 to 19-03-15 | 28-01-15 to 08-02-15 | 11-02-15 to 22-02-15 | 04-02 to 15-02-15 | |
| 25-02 to 08-03-15 | 22-03 to 02-04-15 | 11-02-15 to 22-02-15 | 25-0315 to 05-04-15 | રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન) | |
| | | 25-02 to 08-03-15 | 08-04-15 to 19-04-15 | | |
| ટીનએજર્સ શિબિર (બોયઝ) 02-12 to 10-12-14; ૨૦ દિવસીય શિબિર 15-01 to 05-02-15 | ૩૦ દિવસીય શિબિર 04-01 to 04-02-15 | સત્તીપટ્ઠાન 25-03 to 02-04-15 | ૨૦ દિવસીય શિબિર 01-03 to 22-03-15 | | |

**: ઉના :**
**ગ્રુપ સીટીંગ**
સવારે ૬:૩૦ થી ૭:૩૦
**હરેશભાઈ જે. ટીલવાણી**
૪૨, વ્રજભૂમિ સોસાયટી,
શેરી નં.૩, નવી મામલતદાર
ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ,
ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦

**મોગર કેન્દ્ર ‘‘ધમ્મ ભવન’’**
દર મહિનાના
પહેલા રવિવારે
સામૂહિક સાધના
૫-કાલિંદી પાર્ક,
અકોટા અતિથિ
ગૃહ પાછળ,
વડોદરા-૩૯૦૦૨૦.
(0265) 2341181
(M) 94263 32180
E-mail :
vvs04@ hotmail.com

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ‘‘આનાપાન’’ શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

ઈસ નશ્વર સંસાર મેં, ધ્રુવ શાશ્વત ના કોય ।
પાની કે સે બુલબુલે, ભંગ ભંગ હી હોય ॥

કિસકો મેં શાશ્વત કહૂં, નિત્ય અચલ ધ્રુવ સાર ।
નષ્ટ હોય જયોં બુદબુદા, વિષયોં કા વ્યાપાર ॥

નન્હા સા પરમાણુ કણ, યા વિશાલ બ્રહ્માણ્ડ ।
નશ્વર હી હૈ મિટ્ટી કણ, યા મિટ્ટી કા ભાણ્ડ ॥

**એક્સેલ કોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

## દોહા ધરમના

ભૂમણ્ડલ, ગ્રહ, ઉપગ્રહ, સૂર્ય ચન્દ્ર, નક્ષત્ર ।
સભી મૃત્યુ આધીન હૈં, નશ્વરતા સર્વત્ર ॥

શીત તાપ વર્ષા પવન, ઈનકા પડે પ્રભાવ ।
વિકૃત હોય વિનષ્ટ હો, ઐસા રુપ સ્વભાવ ॥

નિત્ય માન ઈસ જગત કો, જો ખોજે સુખ ભોગ ।
ઉસ મૂરખ કો સુખ કહાં ? દુખ કા હી સંયોગ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ - ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ‘‘મુક્તિરામ કોમ્પ્લેક્ષ’’, રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 6 નવેમ્બર 2014** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

‘વિપશ્યના’ Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

Weighs less than 10 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org